# ગાંધીનગરમાં રાજ્યના ૩૨ શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન

## અક્ષરજ્ઞાનની સાથે વ્યક્તિત્વ ઘડતરના શિક્ષણ માટે ગુરૂ-શિક્ષકની વિશેષ જવાબદારી છે : રાજ્યપાલશ્રીનું સંબોધન

રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીએ વિદ્યાર્થીઓમાં અક્ષરજ્ઞાનની સાથે વ્યકિતત્વ ઘડતરના શિક્ષણ માટે ગુરૂ-શિક્ષકની સવિશેષ જવાબદારી છે અને તે માટે શિક્ષકોએ સ્વયં તૈયાર થવું તે આજના સમયની તાતી જરૂરીયાત છે, તેવો સ્પષ્ટ મત વ્યકત કર્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં શિક્ષક દિવસ ૫ મી સપ્ટેમ્બરે શ્રેષ્ઠ શિક્ષકોના રાજ્ય પુરસ્કાર સન્માન કાર્યક્રમ રાજ્યપાલશ્રી સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ અવસરે શિક્ષક સમુદાયને પ્રેરક આહવાન કર્યુ કે, ચેલેન્જીસ-પડકારો અને પોટેન્શીયલ-સંભાવનાઓ વચ્ચે સમન્વય સાધીને સરકારી શાળાના બાળકોને ધગશ-પ્રોત્સાહન આપી ધાર્યા પરિણામો મેળવી શકાશે. રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ ૩૨ શ્રેષ્ઠ શિક્ષકોનું શોલ, પ્રશસ્તિપત્ર તથા રોકડ પુરસ્કારોથી આદર સન્માન કર્યું હતું. રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, માતા-પિતા તેમના સંતાનને વિદ્યા સંસ્કાર મળે તે માટે શિક્ષક પાસે એવી શ્રધ્ધાથી મૂકે છે કે તેનું ચારિત્ર્ય, ક્ષમતા, બુધ્ધિચાતુર્ય બધુ જ શિક્ષક-ગુરૂજન ઘડશે. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, શિક્ષકો પાસે સમાજને બહુ મોટી અપેક્ષાઓ છે. બહુધા બાળકો મોટા થઈને શિક્ષક, ડૉકટર કે પોલીસ બનવાના સપના જોતા હોય ત્યારે શિક્ષકની તેના માનસ પર કેટલી અસર હોય છે તેની ભૂમિકા આપતાં શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, શિક્ષકના આ નોબલ પ્રોફેશનથી શિક્ષક સમુદાય રાષ્ટ્ર ઘડતર, ચારિત્ર્ય નિર્માણ અને જ્ઞાન સમૃદ્ધ ભાવિ પેઢીના નિર્માતા બને તે આવશ્યક છે. મુખ્યમંત્રીએ ગુજરાતના શિક્ષકોની સજ્જતા અને સામર્થ્ય પર વિશ્વાસ મૂકતાં કહ્યું કે, આ ગુરૂજનોની પ્રતિબદ્ધતા અને કર્તવ્યભાવનાથી સરકારી શાળાઓમાં પ્રવેશોત્સવ-ગુણોત્સવ અભિયાનોને જવલંત સફળતા મળી છે. હવે, એ જ શિક્ષકોના સહયોગથી મિશન વિદ્યા અભિયાન તહેત રાજ્યનું એક પણ બાળક લેખન-વાંચન-ગણન ન આવડતું હોય તેવું ન રહે તેવી સ્થિતી નિર્માણ કરવાની પ્રતિબદ્ધતા મુખ્યમંત્રીએ વ્યકત કરી હતી.




વિજયભાઈ રૂપાણીએ ભાવિ પેઢી જ્ઞાન સમૃદ્ધ બને અને બાળકને શાળામાં આવવું હંમેશા ગમે તેવું વાતાવરણ પોતાના આગવા ઈનોવેટીવ પ્રયોગોથી સર્જવા શિક્ષકોને પ્રેરણા આપી હતી. તેમણે કહ્યું કે, રાજ્યની સરકારી શાળાઓમાં સમાજના વંચિત, પીડિત, શોષિત ગરીબ વર્ગોના બાળકો અભ્યાસ માટે આવતાં હોય છે તેમને પણ જ્ઞાન સમૃદ્ધ બનાવવા મિશન વિદ્યા ઉપાડયું છે. મુખ્યમંત્રીએ રાજ્ય સરકાર શિક્ષણ માટે રૂ. ૨૭ હજાર કરોડ જેવું માતબર બજેટ ફાળવીને રાજ્યના પ્રત્યેક વિદ્યાર્થીને શિક્ષણ જ્ઞાન ગંગાના વાહક બનાવી વિશ્વ સાથે આંખમાં આંખ મિલાવી ઊભો રહેવા સક્ષમ બનાવવાના સઘન આયોજનની વિશદ છણાવટ કરી હતી.

રાજ્યમાં અગાઉ ૯૫-૯૬ સુધી માત્ર ૪૨ હજાર પ્રાથમિક શાળાઓ હતી તે આજે વધીને ૬૦ હજાર જેટલી થઈ છે. એટલું જ નહિ, વિદ્યાર્થીઓની સંખ્યા પણ ૧ કરોડ જેટલી થઈ છે. સાક્ષરતા દરમાં ૯ ટકાનો વધારો ૧૦ વર્ષમાં થયો છે. મુખ્યમંત્રીએ શિક્ષકોનું ગુરૂજનોનું જે મહાત્મ્ય મહાન વ્યકિતઓના ઘડતરમાં રહ્યું છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં પૂજય ગાંધીજીના આધ્યાત્મિક ગુરૂ શ્રીમદ રાજચંન્દ્રજી, બનારસ હિન્દુ યુનિવર્સિટીના સ્થાપક પંડિત મદનમોહન માલવીયા વગેરેનું સ્મરણ કર્યુ હતું.મુખ્યમંત્રીએ શ્રેષ્ઠતા પ્રાપ્ત શિક્ષકોને પોતાના કાર્ય થકી આ સિદ્ધિ મેળવવા અંગે અભિનંદન પાઠવતાં તેઓ અન્યો માટે પથદર્શક બનશે તેવી અભિલાષા વ્યકત કરી હતી. રાજ્યપાલ ઓપી કોહલીએ શ્રેષ્ઠ શિક્ષકનો પારિતોષિક મેળવનાર શિક્ષકોને અભિનંદન પાઠવતાં કહ્યું કે, પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન એ શિક્ષક નહીં, દાર્શનિક, વિદ્વાન તથા ચિંતક હતા. તેઓ દ્વારા શિક્ષણની સાથે સાથે વ્યકિતત્વના વિકાસ માટે જે પ્રયાસો થયા તેનો આપણે અમલ કરી શિક્ષણ આપીશું તો જ શિક્ષક દિનની ઉજવણી સાર્થક ગણાશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના અમારી સરકાર તેના વિરોધમાં નથી, જ્યારે સઘળા લોકો ખાવાવાળા હોય અને એક ખાતો ન હોય, તો અમે એ પણ ખાતો થઈ જાય એવું કરવા નથી ઈચ્છતા... એટલે...!!

## ગાંધીનગર અસરગ્રસ્ત ખેડૂતોની બેઠક, આંદોલનની રણનિતી ઘડાશે

ગાંધીનગર, તા.૫

રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ દ્વારા ગાંધીનગર માટે સંપાદન થયેલી ૧૪ ગામોના અસરગ્રસ્ત ખેડુતોના પ્રશ્નો સરકારમાં રજુ કરવા છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. તેમજ સરકાર દ્વારા પણ કોઈ હકારાત્મક નિર્ણય ન આવતા ખેડુતોમાં રોષ ફેલાયો છે.જેથી ગાંધીનગર જિલ્લાના અસરગ્રસ્ત ખેડુતો ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલનની રણનિતી તૈયાર કરવા અને ચર્ચા વિચારણા માટે તા. ૯-૯-૧૮ ને રવિવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે સેકટર-૨૫ પ્લોટ નં.૧૯ એ જીઆઈડીસી ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. પોતાના હક માટે અને અસરગ્રસ્ત ખેડુતોને થતા અન્યાયની લડતમાં સાથ સહકાર આપવા આ બેઠકમાં મોટીસંખ્યામાં હાજર રહેવા રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ દ્વારા અનુરોધ કરાયો છે. ઉપરાંત જે તે ખેડુતને સરકાર તરફથી કોઈ લાભ મળ્યો ન હોય તો અને મળવા પાત્ર લાભના પુરાવા સાથે લાવવા જણાવાયું છે.



બ્રહ્મભટ્ટ સમાજના જ્ઞાતિ રત્ન આર.બી.બ્રહ્મભટ્ટ (આઈપીએસ) આઈ.જી.પી. સીઆઈડી ક્રાઈમને રાષ્ટ્રપતિ એવોર્ડ(વિશિષ્ટ સેવા મેડલ)થી સન્માનિત કરવામાં આવ્યા છે.જેથી સમગ્ર ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજના હોદેદારોએ તેઓને શાલ ઓઢાડીને પુષ્પગુંચ્છ આપી સન્માનપત્ર આપી ભાવભર્યુ સન્માન કર્યુ હતું. આ પ્રસંગે ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજના તમામ વડીલો, હોદેદારો, અને સભ્યો હાજર રહ્યા હતા.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનનો મુક્તિધામ ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત દ્વારા સે. ૩૦માં મુક્તિધામ સ્મશાન ખાતે સંત શિરોમણી રોહીદાસ, શહીદવીર મેઘમાયા તથા તેજાનંદ સ્વામીની મૂર્તિઓના સ્થાપનાદિન નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વમંત્રી કરસનદાસ સોનેરી તથા પૂર્વ સાસંદ રતિલાલ વર્મા સહિત સંસ્થાના હોદેદારો ઉપસ્થિત રહ્યાં હતા.



મુક્તિધામ સ્મશાન ખાતે સંત રોહીદાસ, શહીદ વીર મેઘમાયા તથા તેજાનંદ સ્વામીની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવેલ છે જેના સ્થાપના દિન નિમિત્તે તા. ૧લી સપ્ટેમ્બરના રોજ ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાતના પ્રમુખ ભાનુકાન્ત પરમાર, ઉપપ્રમુખો પી.જી. રાઠોડ તથા ડી.એમ. પરમારના હસ્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના પૂજન વિધિ રમણલાલ શ્રીમાળીએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન મહામંત્રી વિરચંદભાઈ પરમારે કર્યુ હતુ. પુષ્પાંજલિ માટે ફુલહારની સેવા સંસ્થાના પ્રવક્તા મગનલાલ પરમાર તરફથી પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના પ્રમુખે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યુ હતુ અને મૂર્તિઓની સ્થાપનાનો ઈતિહાસ વર્ણવ્યો હતો. કાર્યક્રમના સમાપને ઉપપ્રમુખ ડી.એમ. પરમારે આભારદર્શન વ્યક્ત કર્યુ હતુ.

## બંધારણ સળગાવવાની ઘટના અંગે રાજયપાલશ્રીને આવેદનપત્ર

### ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું

ગાંધીનગર, તા.૫

ભારતીય બંધારણની પ્રત સળગાવવની ઘટના તાજેતરમાં સંસદ ભવનની નજીક બનવા પામી હતી. તે લોકશાહી જ નહી પરંતુ દેશના તમામ નાગરીકો માટે અત્યંત શરમજનક અને ધૃણાસ્પદ ઘટના કહી શકાય. નિમ્નકક્ષાની માનસિકતા ધરાવતા આવા તત્વોને કયારેય માફ કરી શકાય નહીં, આ ઘટના દેશની લોકશાહી જ નહી પરંતુ દેશના આત્મા ઉપર વજ્રઘાત સમાન હોઈ દેશના પ્રબુધ્ધ નાગરીકો અને વિવિધ સંગઠનો દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિજીને આવેદન પત્ર આપવામાં આવેલ છે. તે જ રીતે ગાંધીનગરની ડો. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ તેમજ શહેરના નાગરીકોએ હીચકારી ઘટના અંગે યોગ્ય કાર્યવાહી થાય તે અંગે ગુજરાતના મહામહીમ રાજયપાલને આજરોજ આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

## તેલિબિયાંની ખેતીમાં વૃદ્ધિ આવે તે માટે રાંધેજા ખાતે તાલીમ વર્ગ યોજાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ઓઈલ સિડ્સ એન્ડ ઓઈલ પામ યોજના અંતર્ગત ખેડૂતોનો તાલિમ શિબિર રાંધેજા કૃષિવિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજવામાં આવ્યો હતો.

જિલ્લા ખેતીવાડી તંત્ર દ્વારા નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન ઓઈલ સિડ્સ એન્ડ ઓઈલ પામ યોજના અંતર્ગત યોજાયેલ આ શિબિરમાં ૧૦૦થી વધુ ખેડૂતોએ હાજરી આપી હતી.

જિલ્લામાં તેલિબિયા પાકો દિવેલા, મગફળી, રાઈ, તલની ખેતી વધે તેમજ તેની વૈજ્ઞાનિક અને આધુનિક પદ્ધતિઓ અંગે સંશોધનશાખા દાંતીવાડાના વૈજ્ઞાનિકો ડૉ. ડી.કે. પટેલ, ડૉ. ડી.જે. પટેલે તલસ્પર્શી સમજૂતી આપી હતી.

આ તાલિમ શિબિરમાં કૃષિવિજ્ઞાન કેન્દ્રના વિષય નિષ્ણાત વિનય ગોર દ્વારા 'જીવામૃત' કેવી રીતે તૈયાર કરી શકાય તેની વિગતો અને પ્રત્યક્ષ નિદર્શન અને માર્ગદર્શન આપ્યું હતું.

આ તાલિમ વર્ગમાં સેન્દ્રીય ખાતર તૈયાર કરવા માટેનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રો. ગર્ગે પ્રાસંગિક ઉદ્બોધનમાં તાલિમનું મહત્વ સમજાવ્યુ હતુ. જ્યારે સ્વાગત પ્રવચન મદદનીશ ખેતી નિયામક ભાવેશભાઈ પટેલે કર્યુ હતુ અને આભારવિધિ વિસ્તરણ અધિકારી ડાહ્યાભાઈ ચૌધરીએ કરી હતી.

આ તાલિમ શિબિરમાં ગાંધીનગર અને માણસા તાલુકાના લઘુમતિ સમાજના ૧૦૦થી વધુ ખેડૂતોએ વૈજ્ઞાનિકો સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી પણ કરી હતી.

## શિક્ષકોની કઠોર પરિશ્રમવાળી શીખવાની વૃત્તિ આદરસ્થાને હતી : પૂ. સુનીલસાગરજી મહારાજ

ગાંધીનગર, તા. ૫

'એક રાષ્ટ્રપતિ એવા પણ થયા જે શિક્ષકથી રાષ્ટ્રપતિ બન્યા. એમના આદર્શો એવાં હતા કે રાષ્ટ્ર તેમનો જન્મદિવસ શિક્ષક દિવસ રૂપે ઉજવે છે અને શિક્ષકો પ્રત્યે માનભેર લાગણીઓ વ્યક્ત કરે છે. આચાર્ય સુનીલ સાગરજી મહારાજે



પોતાના વ્યાખ્યાનમાં ગુરુ મહિમા પ્રત્યે ભાવનાઓ વ્યક્ત કરતાં કહ્યું કે- મુઝકો જમીં આસમાં મિલ ગયે, ગુરૂવર ક્યા મિલે ભગવાન મિલ ગયે.' તેમણે જણાવ્યું કે માત્ર લૌકિક શિક્ષા આપનાર જ ગુરુ નથી પણ તપસ્વી સમ્રાટ ઉદારમના આચાર્ય સન્મતિ સાગરજી જેવા વિરાટ વ્યક્તિત્વના ધારક વાત્સલ્યમયી ગુરુવર સમગ્ર શિક્ષક સમાજ માટે આદર્શ છે જેને કોઈ પણ આકાંક્ષા વગર નિર્વિકલ્પ ભાવથી લાખો-કરોડો લોકોના ભાવિ સુધારવા માટે માર્ગદર્શન આપ્યા છે. દિંગબંર સાધુ માત્ર જૈન સમુદાય માટે જ ઉપદેશ નહિં આપતા પણ તેની અમૃતમયી વાણી અને શિક્ષાનો લાભ આદિવાસી, ગ્રામીણ, શહરી સમુદાય અને વિદ્યાલયના બાળકો પણ કોઈ પણ ભેદભાવ વગર લઈને પોતા જીવનને વ્યસનમુક્તિ અને અહિંસક જીવનશૈલી તરફ લઈ જાય છે.

સાબરકાંઠાના વિધાયક દીપસિંહ રાઠોડને આચાર્યએ પુછ્યું કે તમે રાજનીતિમાં રહેતા ધર્મધ્યાન ક્યારે કરો છે ? તેમણે ગુરુ મહિમાને અલંકૃત કરતો ખૂબ સુન્દર જબાવ આપ્યો કે એમ તો નિયમિત સમય નથી મળતો પણ આપ સરીખા કઠોર તપસ્વીના દર્શન મહાને - છ મહીને થઈ જાય ત્યારે આત્મિક સંતુષ્ટિ મળી જતી હોય છે.

આજે પ્રવચન સભામાં પધારેલ સંતરામપુરના વિધાયક ડૉ. કુબેરભાઈ દિંદોર અને આ સભામાં લગભગ કાયમ ઉપસ્થિત રહેનારા કડીના વિધાયક કે.પી. સોલંકીની ભૂમિકાને લક્ષ્ય કરતાં આચાર્યએ કહ્યું કે માત્ર સ્કૂલ કૉલેજમાં ભણાવનારા જ શિક્ષક નથી હોતા પણ તમારી જેમ સમાજને યોગ્ય નેતૃત્વ આપનારા શિક્ષક છે જે સમાજને વિકાસની નવી દૃષ્ટિ આપે છે. તેથી શિક્ષકનો આચરણ સદા આદર્શ, ઉન્નત અને સાવચેતીપૂર્ણ તથા અનુકરણીય હોવો જોઈએ. આજે થોડાક બેજવાબદાર પોતાને શિક્ષક કહનારા યોગ્ય આચરણ કરતા નથી તેના લીધે સમસ્ત શિક્ષક સમુદાયને બદનામ થતો હોય છે. એમની બેદરકારી, આળસ અને લાલચના લીધે શિક્ષક સમુદાય લોકો વચ્ચે પોતાની ગરિમા ગુમાવી રહ્યો છે. હકીકતમાં આજે શિક્ષકોને સન્માન આપવાનો તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો દિવસ છે કેમ કે શિક્ષક જ એવી વ્યક્તિ છે જે મોટા અધિકારી કે ડૉકટર બનાવી શકે છે પણ કોઈ ડૉક્ટર કે અધિકારી એક સારો શિક્ષક પેદા કરી શકતો નથી જે અહિંસક સમાજરચના માટે પોતાનો જીવન સમર્પિત કરી શકે. આપણા ગુરુકુળોની શિક્ષણ પધ્ધતિ, શિક્ષકોની કઠોર પરિશ્રમવાળી અધ્યયનશીલ સીખવાની વૃત્તિ સમાજમાં આદરનો સ્થાન ધરાવતી હતી. આપણે એ તરફ પાછો ફરવું પડશે. આદિ બ્રહ્મા આદિનાથ વિશ્વના પ્રથમ શિક્ષક છે કેમ કે તેમણે પોતાની બે સુપુત્રિઓ બ્રાહ્મી અને સુન્દરીને ક્રમશઃ લિપિ અને અંક વિદ્યાનો બોધ કરાવ્યો હતો.

## વાતવાતમાં

● બારિજની આંગણવાડીમાં પોષણ માસની ઉજવણી અંતર્ગત મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી વિભારવીબેન દવેએ મુલાકાત લીધી હતી. રાજ્યમંત્રી સાથે વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયા હતા.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પૂર્વ આઈપીએસ સંજીવ ભટ્ટને મેડિકલ તપાસ માટે લવાયાં હતા. ઉલ્લેખનીય છે કે સંજીવ ભટ્ટની પાલનપુર ખાતે ૧૯૯૬માં ખોટો નાર્કોટીક્સનો કેસ કરવામાં સંડોવણી બદલ અટકાયત કરવામાં આવી છે.

● ગાંધીનગરમાં યુવા વિદ્યાર્થી વર્ગે સોશ્યલ મિડિયા પર શિક્ષક દિન ઉજવ્યો હતો. યુવાનોએ સોશ્યલ મિડિયા પર શિક્ષક દિનની શુભેચ્છાઓ ઉપરાંત પોતાના પ્રિય શિક્ષકો સાથેની સેલ્ફી અપલોડ કરી હતી.

## હાઈકોર્ટના નિવૃત્ત જજ તથા સિદ્ધાર્થ લૉ કોલેજના સ્થાપક જસ્ટીસ વિનુભાઈ ભૈરવિયાનું નિધન

ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જજ તથા ગાંધીનગરની સિદ્ધાર્થ લૉ કોલેજના સ્થાપક જસ્ટીસ વિનુભાઈ ભૈરવિયાનું તા. ૩જી સપ્ટેમ્બરે ૮૧ વર્ષની જૈફ વયે નિધન થયું છે. જસ્ટીશ ભૈરવિયા ન્યાયાધીશ હોવા ઉપરાંત દરેક પ્રકારના વંચિતોના અધિકાર માટે લડત ચલાવનારા લડવૈયા હતા અને તેમણે આ સંદર્ભે 'આમુલ ક્રાંતિ' અને 'જર્ની ટુ ફ્રિડમ' નામના બે પુસ્તકો પણ લખ્યા હતા.

સુરતના ભૈરવ ગામમાં ૧૭મી સપ્ટેમ્બર ૧૯૩૬ના રોજ જન્મેલા જસ્ટીશ ભૈરવિયાએ આશ્રમ શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું અને બીએ, એમએ બાદ એલએલબીની પદવી હાંસલ કરી હતી. ૧૯૬૮માં વકિલાતનો પ્રારંભ કરતા તેમણે ગુજરાત હાઈકોર્ટમાં દિવાની, ફોજદારી અને બંધારણીય



બાબતો અંગે પ્રેક્ટીસ કરી હતી. તેઓ ૧૪મી માર્ચ ૧૯૮૯ના રોજ ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નિમણૂંક પામ્યા હતા. ૧૯૯૪માં તેમની મુંબઈ હાઈકોર્ટમાં નિમણૂંક થઈ હતી. તેમણે નિવૃત્તિ સુધી સેવાઓ આપી હતી.

જસ્ટીશ વિનુભાઈ ભૈરવિયાએ રાજ્યમાં ખૂણે ખૂણે લૉ કોલેજ બને તે માટે પ્રયાસો કર્યા હતા જેના ભાગરૂપે ૧૯૯૧માં પાટનગરમાં પ્રથમ લૉ કોલેજ સ્થાપી હતી ત્યારબાદ કામરેજ અને અમરેલી ખાતે પણ લૉ કોલેજની સ્થાપના કરી હતી. તેઓ વિદ્વાન કાયદા તજજ્ઞ હોવા સાથે સમાજના વંચિત વર્ગના અવાજનો પર્યાય હતા. લોકશાહીના મૂલ્યોની જાળવણી માટે કાર્યરત હતા. સ્વ. ભૈરવિયા તેમની પાછળ પત્નિ નિર્મલાબેન, પુત્ર જયેશભાઈ , દિકરી દિપ્તીબેન ઉપરાંત કોલેજ પરિવારને શોકમગ્ન મૂકી ગયા છે.

## રાજસ્થાન અને ગુજરાતમાંથી ટ્રકની ચોરી કરતો રીઢો ચોર ઝડપાયો

ગાંધીનગર શહેરના સે-૨૧ નજીકથી ગઈકાલે એલસીબીની ટીમે એક રીઢો ટ્રક ચોર દબોચી લીધો હતો. ગુજરાત અને રાજસ્થાન બંને રાજ્યોમાંથી ૯ મહિનામાં અત્યાર સુધી ચાર ટ્રકોને ઉઠાંતરી કરી હોવાની સનસની કબૂલાત આ શખ્સે કરી લીધી છે. અલગ અલગ ચાલ સ્થળોએથી કરેલી ટ્રકોને ચોરીમાં બાર પૈડા વાળી ટ્રકનો પણ સમાવેશ થાય છે. પકડાયેલા શખ્સે તેના સાગરીતો સાથે મળીને આ ચોરીઓ કરી હોવાની વિગતો બહાર આવી છે. ગાંધીનગર એલસીબીની ટીમે આરોપીની ધરપકડ કરીને તેની સઘન પૂછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ જેડી પુરોહિતની ટીમના પી.એસ.આઈ એચ કે સોલંકી તથા તેમની ટીમે ગઈકાલે ગાંધીનગર શહેરના સેક્ટર ૨૧/૩૦ બસ સ્ટેન્ડ પાસેથી સીતારામ અરજનજી ચોકીદાર (રહે. અડાલજ બહુચર હોટલ પાસેના છાપરામાં) નામના શખ્સને પકડી પાડયો હતો. સીતારામ ચોકીદાર નામનો આ શખ્સ હળવદથી આઈસર ટ્રક ચોરી કરવાના ગુનામાં વોન્ટેડ હતો. એલસીબીની ટીમે આ શખ્સની ધરપકડ કરી સઘન પૂછપરછ કરતા વિગતો બહાર આવી છે કે આ શખ્સે તેના સાગરીતો સાથે મળીને નવેક મહિના પહેલા રાજુલા માંથી એક ટ્રકની ચોરી કરી હતી તે ઉપરાંત તે જ મહિને રાજસ્થાનના પાલી વિસ્તારમાંથી ૧૦ વ્હિલની ટ્રક ચોરી કરી હતી. આઠેક મહિના પહેલા આ શખ્સે સાગરીતો સાથે મળીને જોધપુર રાજસ્થાન વિસ્તારમાં બિલાડા ગામમાંથી પણ એક ટ્રકની ચોરી કરી હતી જે ૧૨ ટાયરની ટ્રક હતી. એલસીબીની ટીમે આ ટ્રક ચોરની ધરપકડ કરી તેના સાગરિતોને પકડવા માટે કવાયત શરૂ કરી છે.